શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ
સંચાલિત

# પંચોલી નવયુગ




મે-૨૦૧૯ અંક - ૫ વર્ષ ૫૬ સળંગઅંક ૪૬૩ માસિક કિંમત-૧૦ વાર્ષિક લવાજમ-૧૦૦/-રૂ.

તંત્રી : દિનેશકુમાર મોહનલાલ મિસ્ત્રી સહતંત્રી : મલયકુમાર દિનેશકુમાર મિસ્ત્રી

Pancholi Navyug Email : pancholinavyug@gmail.com
Email : infospssmm@gmail.com Web site : www. pancholisamaj.org

## નવયુગ શુભેચ્છક

### માતુશ્રીની
### ૧૬મી પૂણ્યતીથીએ શ્રધ્ધાસુમન



**અક્ષરવાસી. મોહનલાલ વલ્લભરામ મિસ્ત્રી**

**અક્ષરવાસી અ.સૌ. ધીરજબેન મોહનલાલ મિસ્ત્રી**
**અક્ષરવાસ : ૨૫.૦૫.2003**

નાનકડો પણ ઉત્તમ શબ્દ 'બા' થી શ્રેષ્ઠ ન બીજો શબ્દ.
બચપણથી 'બા' શબ્દ ગમ્યો, અંદર રગ રગ રમ્યા કર્યો.
'બા' શબ્દ છે સઘળો સાર, એ વિના બીજુ નિરસાર.
ના જાણું ભકિત કે ધ્યાન, તારૂં રહો 'બા' અનુસંધાન.
સોળમી પૂણ્યતિથિએ શ્રદ્ધાસુમન અર્પણ કરીએ છીએ....

### અર્પણકર્તા

ડો. મહેશભાઈ એમ. મિસ્ત્રી મીરાબેન મહેશભાઈ મિસ્ત્રી
શ્રી મૌલિક મહેશભાઈ મિસ્ત્રી નિપા મૌલિક મિસ્ત્રી
ચિ. રીવાંશી મૌલિક મિસ્ત્રી
ડો. વિસ્મય મહેશભાઈ મિસ્ત્રી ખુશ્બુ વિસ્મય મિસ્ત્રી
ચિ. ધ્યાન વિસ્મય મિસ્ત્રી
ઘર : એ-૫૪, અંબે ગ્રીન સીટી, સનાતન સ્કૂલની પાસે,
વાલીયા રોડ, જી.આઈ.ડી.સી. અંકલેશ્વર
દવાખાનુંઃ જોષીયા ફળીયા, અંકલેશ્વર
ફોન : ૨૪૬૫૧૧, મો. ૯૮૨૫૨ ૮૨૭૮૯

શ્રી દિનેશભાઈ એમ. મિસ્ત્રી દક્ષાબેન દિનેશભાઈ મિસ્ત્રી
શ્રી મલય દિનેશ મિસ્ત્રી ભાવના મલય મિસ્ત્રી
ચિ. અક્ષત તથા ચિ. જાનવી
શ્રી સ્વપ્નીલ ડી. પંચોલી બિન્ની સ્વપ્નીલ પંચોલી
ચિ. ધ્યાની સ્વપ્નીલ પંચોલી
ડી-૩૦૨, શુભમ રેસીડન્સી, હર્ષ પાર્ક, મેઘા ઓટોમોબાઈલ્સ
શો રૂમ સામે, જી.આઈ.ડી.સી. અંકલેશ્વર
મો. : ૯૮૨૪૧ ૭૧૯૩૦
અનુરાધાબેન મનુભાઈ મિસ્ત્રી

## નવયુગ શુભેચ્છક

### ૩૩મી પૂણ્યતિથિએ
### ભાવભીની શ્રદ્ધાંજલિ




આજે પણ તમારા સત્કર્મોની સુવાસ ચો તરફ માણી શકાય છે
આજે પણ સમગ્ર પરિવાર તમારી પ્રત્યક્ષ ન હોવાની
ખોટ અનુભવી રહ્યો છે. આજે પણ તમારી દરેક દીકરીઓ
જીવનની દરેક સફળતામાં તમારા આશીર્વાદ પામી
ધન્યતા અનુભવી રહી છે.
'જીવન કેટલું જીવ્યા એ મહત્વનું નથી પરંતુ,
કેવું જીવ્યા, કોના માટે જીવ્યા તે મહત્વનું છે.'
આ વાત તમે તમારા ટૂંકા પરંતુ શ્રેષ્ઠ જીવનકાળ દરમ્યાન
સાબિત કરી બતાવી. તમારા સત્કર્મોરૂપી જયોત,
અમારા કર્મો દ્વારા હંમેશા પ્રજવલિત રહે એજ
મહારાજ સ્વામીના ચરણોમાં અંતઃકરણથી પ્રાર્થના....

### અર્પણકર્તા

**પદમા - જ્યોતિ - માયા - પ્રવિણા**
**હેમા - ગીતા - સોનલ - અલોકી**
**તથા સમગ્ર પરિવારજનો....**

પંચોલી નવયુગ શુભચિંતક | શ્રી જીતેન્દ્રભાઈ છગનલાલ મિસ્ત્રી અમદાવાદ | શ્રી રમેશચંદ્ર મગનલાલ પંચોલી છોટાઉદેપુર

માતાનું હૃદય બાળકની પાઠશાળા છે...

શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ સંચાલિત

# પંચોલી નવયુગ
# મે - ૨૦૧૯

રજી. નં.: A/1822 ભરૂચ
RNI NO. 6304 / 62

**-: પ્રકાશન સ્થળ :-**

ડી-૩૦૨, શુભમ રેસીડન્સી, મેઘા ઓટોમોબાઇલ્સ સામે,
તાલુકા સેવા સદન પાસે, જી.આઇ.ડી.સી., અંકલેશ્વર-૨

પ્રકાશન સામયિકતા : માસિક
પ્રકાશક તંત્રી નામ : શ્રી દિનેશભાઇ એમ. મિસ્ત્રી
મુદ્રકનું નામ :શ્રી દિનેશભાઇ એમ. મિસ્ત્રી
મુદ્રકનું સરનામું : અક્ષર પ્રિન્ટર્સ, ૨-૩, અજીત એસ્ટેટ, સ્કવેર પોઇન્ટ પાછળ, ડો. બેક રોડ, જી.આઇ.ડી.સી., અંકલેશ્વર-૨
માલિકી ધરાવનાર : શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ બી-૨૫, બ્રીજનગર, અંકલેશ્વર

હુ દિનેશભાઇ એમ. મિસ્ત્રી આથી જાહેર કરું છું કે ઉપર જણાવેલ માહિતી મારી જાણ મુજબ સાચી છે.

દિનેશભાઇ એમ. મિસ્ત્રી

## પંચોલી નવયુગ જાહેરાતના દર

| | | |
|---|---|---|
| મલ્ટીકલર પેજ (ગ્લેઝ પેપર) | રૂા. | ૭,૦૦૦/- |
| નવયુગ અંક અર્પણ (ગ્લેઝ પેપર-સીંગલ કલર) | રૂા. | ૨,૫૦૦/- |
| દિપોત્સવી નવયુગ અંક અર્પણ (ગ્લેઝ પેપર-સીંગલ કલર) | રૂા. | ૩,૦૦૦/- |
| કલર પેજ (ફકત દિપોત્સવી અંક) | રૂા. | ૨,૦૦૦/- |
| સાદુ પેજ (એક ફોટો ફ્રી) | રૂા. | ૧,૫૦૦/- |
| અડધુ પેજ | રૂા. | ૭૫૦/- |
| અડધુ પેજ (એક ફોટો) | રૂા. | ૮૦૦/- |
| પા પેજ | રૂા. | ૪૦૦/- |

(પા, અડધા અને આખા પેજમાં એક થી વધુ ફોટાના ફોટા દીઠ રૂા. ૫૦ વધારાના આપવાના રહેશે.)

**નવયુગ શુભેચ્છક :** રૂા.૧૫,૫૫૫/-
(પ્રથમ વર્ષે આખા પેજ પર અને ત્યારબાદ ૨૦ વર્ષ સુધી દર વર્ષે દાતાઓના ફોટા તથા મેટર અડધા પેજ પર છાપવામાં આવશે.)

**નવયુગ શુભચિંતક :** રૂા. ૨,૫૨૫/-
(દર માસે ક્રમ મુજબ પાનાની નીચે નામ આવશે અથવા દિપોત્સવી અંકમાં એક વખત ફોટો છપાશે.(ફોટો છપાશે તો નામ આવશે નહીં.)

## પંચોલી નવયુગ લવાજમના દર

| | |
|---|---|
| **માસિક** | **રૂા. ૧૦/-** |
| **વાર્ષિક લવાજમ** | **રૂા. ૧૦૦/-** |

# તંત્રીની કલમે...



વ્હાલા જ્ઞાતિજનો

કુશળ હશો...

તા. ૨૩.૦૪.૨૦૧૯ના રોજ મહા ઉત્સવ એટલે મતદાન.. આપણો અધિકાર, એક સ્વચ્છ અને બહોશ નેતા ચુંટવાનો અધિકાર... સર્વેએ પોતાનો મતાધિકાર અપનાવ્યો હશે... નવા મતદારોએ પણ મત આપ્યા હશે... હવે રાહ જુઓ પરિણામની..

અંકલેશ્વરની યુવા પાંખ આકાંક્ષા-૩ કરવા જઇ રહ્યું છે.. ત્યારે દરેક એકમ અંકોશ્વર એકમને સાથ સહકાર આપે કારણ અંકલેશ્વર એકમ નાનુ છે અને ફકત ૩૫ જ્ઞાતિજનોના કુટુંબ રહે છે... આવા નાના એકમનું વિરાટ કાર્ય.... યુવાઓએ ગોવર્ધન પર્વત ઉચકયો છે આપણે ફકત ટેકો જ દેવાનો છે... તને - મને અને ધને કરીને....

બાળકો જોત જોતામાં નવયુગ મળશે એટલામાં તો તમારું અડધુ વેકેશન પુરુ પણ થઇ જશે... પણ આશા રાખું છું કે આપ સૌએ આપણા વેકેશનનો સદ્ઉપયોગ વિવિધ પ્રવૃત્તિઓ કરી વિતાવ્યો હશે... અને ઓછામાં ઓછો સમય મોબાઇલ સાથે વિતાવ્યો હશે.. ખરૂને... પણ શું કરીએ આદત સે મજબૂર.. મોબાઇલના કામણ તો હવે ઘોડિયામાં સુતા બાળકો થી માંડીને ૯૫ વર્ષના વયોવૃધ્ધને પણ લાગી ગયા છે... તો આપણી તો શું વિસાત ? આપણે એનો ઉપયોગ વિવેકપૂર્ણ રીતે કરીએ...

**વિશેષમાં સર્વે જ્ઞાતિજનોને જણાવવાનું કે દેનાબેંક બરોડા બેંક સાથે મર્ચ થઈ પરંતુ હજી પંચોલી નવયુગનો એકાઉન્ટ નંબર જુનો છે એજ ચાલશે... આપ જુના એકાઉન્ટ નંબર પર જ નવયુગ માટે પૈસાનો વહેવાર કરી શકશો.. જેની સર્વે જ્ઞાતિજનોએ નોંધ લેવી**


દિનેશભાઇ એમ. મિસ્ત્રી-તંત્રી
મલય ડી. મિસ્ત્રી-સહતંત્રી
પંચોલી નવયુગ



દોસ્તો મેં આખી રાત જન્નતની મુસાફરી કરી, સવારે આંખ ખુલી તો માથુ માના ખોળામાં હતું.

# પ્રમુખ નોંધ

હેમંતકુમાર સી. મિસ્ત્રી-પ્રમુખ
શ્રી પ.સૈ.સ.મહામંડળ
૯૨૨૪૨ ૧૧૦૨૨ hemmistry@gmail.com



વ્હાલા જ્ઞાતિજનો, વડિલો, મહિલાઓ અને યુવા મિત્રો,

કુશળ હશો..

આ અંક મળશે ત્યાં સુધીમાં ભારતભરમાં ચૂંટણી પૂર્ણતાને આરે હશે. અને આપેલ આપના કિંમતી વોટના પરિણામની ઈન્તેજારી હશે.. દર પાંચ વર્ષે ચૂંટણી આવે છે અને આપણે પોલીટીક્સમાં ઓછી ખરાબ વ્યકિત શોધવી પડે આમ કેમ ? આપણે પક્ષની જગ્યાએ વ્યકિતને મત આપતા થઈએ તો રાજકીય પક્ષોએ સારા વ્યકિત ઉભા રાખવા પડે, બાકી હાલની ચૂંટણીના નીમ્ન સ્તરનો છેડો શોધ્યો જડે એમ નથી. એની વે આપણે આપણી ફરજ નીભાવીએ, ઘણા નવા મતદાતાઓએ પણ આ વર્ષે મતદાન કર્યુ હશે..

આપણને જેની અપેક્ષા હતી તે 'આકાંક્ષા-૩' ની જાહેરાત અંકલેશ્વરની યુવા ટીમે કરી દીધી છે. આ વર્ષના અંતમાં એક વધુ મઝાના અનુભવ માટે તૈયાર થઇ જાઓ.. આ ટીમના સભ્યો પર્સનલી કે ફોનથી આપનો સંપર્ક કરે ત્યારે આપના તરફથી તમામ પ્રકારનો સહયોગ મળશે એવી અપેક્ષા વધુ નથી. ટીમ અંકલેશ્વરને સફળતા માટે હાર્દિક શુભેચ્છાઓ....

મિત્રો વારંવાર કહું છું કે આપણને વિધવા નિરાધાર સહાય ફંડમાં ફંડની ખાસ જરૂરીઆત છે અને અમારી અપીલને માન આપી સમાજના સેવાભાવી દાતાઓએ રીસ્પોન્સ પણ આપ્યો છે. પણ જરૂરીઆત સામે હજી આવશ્યકતા ઘણી છે. આ બાબતે આપના સૂચનો આવકાર્ય છે. આપણાં સમાજમાંથી આપણને ઓછામાં ઓછા ૨૫૦ દાતા મળે કે જે દર વર્ષે રૂા. ૫૦૦/- અથવા એક વખત રૂા. ૫,૦૦૦/- આપે તો આપણે આ રકમના વ્યાજમાંથી અમુક અંશે સંતોષકારક કામ કરી શકીએ. સમાજના સારા હોદ્દાપર રહેલ વ્યકિતઓ આવુ જ ફંડ બહારથી પણ મેળવી શકે, બસ જરૂરીઆત છે એક સંકલ્પની, આપણી મદદ આપણા ભાઈ-બહેનો માટે જ છે..

બાકી હાલની કાળઝાળ ગરમીથી બધા જ ત્રસ્ત હશે, હવે તો આપણી યુવા પેઢી તૈયાર થઇ ગઇ છે તો તમામ સ્વયં ગ્રુપોને આ વર્ષે જુન-જુલાઇમાં પોતાના સીટીમાં વૃક્ષારોપણ કરી તેનો ફોટા સહિત હેવાલ સ્વયં મહામંડળને મોકલવા આહ્‌વાન છે, વૃક્ષારોપણ કરનાર તમામ સ્વયં ગ્રુપને સરપ્રાઇઝ ગીફટ આપવામાં આવશે..

અંતમાં એક મિત્ર દ્વારા મળેલ આ પંકિત

**વધતી જતી આ ઇમારતો કે એ ફળીયુ,**
**શું રૂપાળુ છે ?**
**પેલી ચકલીને પૂછો સીમેન્ટની છત કે એ નળીયુ,**
**શું હુંફાળુ છે ?**
**બાલ્કનીઓ બોલે છે દરેક ઘરની ભાષા**
**બાકી ફળીયાના મોઢે તાળુ છે.**
**એ.સી.નું બીલ એ બીજુ કશુ નથી,**
**બસ ઝાડ કપાય ગયાનું ભાડુ છે......**

અસ્તુ............




પંચોલી નવયુગ શુભચિંતક | શ્રી રમણલાલ છોટાલાલ પંચોલી છોટાઉદેપુર | શ્રી ઓચ્છવલાલ ચીમનલાલ પંચોલી છોટાઉદેપુર



નામ : ભાવિક
પિતા : ભૂપેન્દ્રભાઇ ભીખાભાઇ જરીવાલા
માતા : દક્ષાબેન
જન્મ તા. : ૦૫.૦૬.૧૯૯૩ સ્થળ : સુરત
જન્મ સમય : બપોરે ૪:૦૫ કલાકે(૧૬.૦૫)
ઉંચાઇ : ૫' ૦૮'' વજન : ૮૨ કે.જી.
અભ્યાસ : ધો. ૧૦ પાસ
સર્વિસ : માર્કેટીગ એકઝીક્યુટીવ
ભાઇ-બહેન : - મંગળ/શનિ : નથી
સરનામુ : એ-વીંગ, અંજની હાઇટસ, જહાંગીરપુરા, સુરત.
મો. : ૯૮૨૪૪ ૨૮૭૫૦/૯૮૨૪૪ ૦૨૨૨૪
ઇમેલ : bhavik.2224@gmail.com

## હાર્દિક શુભેચ્છાઓ..



**ચિ. નિશિતા - ચિ. હાર્દિક**
**મેરેજ તા. ૯.૦૨.૨૦૧૯**

શુભેચ્છક
શ્રી નિતિનભાઇ મગનભાઇ પંચોલી
શ્રીમતિ શીલાબેન નિતિનભાઇ પંચોલી
અંકલેશ્વર
શ્રી વિરેનભાઇ રમણિકલાલ મિસ્ત્રી
શ્રીમતિ ઉત્પ્રેક્ષાબેન વિરેનભાઇ મિસ્ત્રી
ચિ. અંકિત વિરેનભાઇ મિસ્ત્રી
સુરત

## હાર્દિક શુભેચ્છાઓ..



**ચિ. પ્રિયંક - ચિ. વૈશાલી**
**લગ્ન તા. ૦૯.૦૨.૨૦૧૯**

**શુભેચ્છક**
સ્વ. શૈલેષભાઇ અંબાલાલ પંચોલી
ગં.સ્વ. ચંપાબેન શૈલેષકુમાર પંચોલી
સંખેડા
શ્રી હસમુખલાલ ચીમનલાલ પંચોલી
શ્રીમતિ કૈલાશબેન હસમુખલાલ પંચોલી
ઉમરવા

## પ્રથમ જન્મ દિવસના અભિનંદન



**ચિ. દર્શ વિપુલકુમાર પંચોલી**
**જન્મ તા. ૧૨.૦૫.૨૦૧૮**

ફુલોની જેમ મહેંકતુ રહે જીવન તારું....
પ્રથમ જન્મ દિવસના અભિનંદન...... અભિનંદન....

**શુભેચ્છક**
અરવિંદભાઇ એન. પંચોલી-દાદા
નયનાબેન એ. પંચોલી-દાદી
વિપુલ એ. પંચોલી-પપ્પા કાવ્યા વી. પંચોલી-મમ્મી
મસ્જીદની સામે, નીચલી બજાર,
મુ.પો. તેજગઢ, તા.જી. છોટાઉદેપુર
મો. ૯૭૩૭૮ ૫૯૮૯૭



મારા નસીબમાં એક પણ દુ:ખ ન હોત, જો નસીબ લખવાનો હકક મારી 'માં'ને હોત.

# લીલાવતીબેન છગનલાલ મેમોરીયલ(સ્મૃતિ) ટ્રસ્ટ

**શ્રી પંચોલી સેવા સમાજ-મુંબઈ ટ્રસ્ટી**

**વર્ષ ૨૦૧૯-૨૦૨૦**

## અરજીપત્ર

અરજદારનું નામ : ..........................................................................................

ઉંમર : ...................... વ્યવસાય : ..........................................................................

સંપૂર્ણ સરનામું : ..........................................................................................

..........................................................................................

............................................................ જીલ્લો : .............. રાજ્ય : ................

પીનકોડ : .......................... ફોન : ..........................................................................

બેંકનું નામ : ..............................બ્રાંચ :...................... A/c No. :............................

સહાયનો પ્રકાર : (અ) વિકલાંગ/વૈદકીય (બ) નિરાધાર વ્યકિત સહાય

(ક) ઉચ્ચ શિક્ષણ સહાય(વિદ્યાર્થી) (ડ) ઉચ્ચ શિક્ષણ સહાય (વિદ્યાર્થીની)

ઉપરોકત સહાય માટેની સંપૂર્ણ વિગતો : ..........................................................................

..........................................................................................

કુટુંબમાં કમારનાર વ્યકિત : (૧) ................................ માસિક આવક ..........................

(૨) .............................. માસિક આવક ..........................

કુટુંબના કુલ સભ્યો : (૧) વડિલ / યુવાન ................... (૨) ૧૯ વર્ષની નીચેના ...............

સવિનય સહ જણાવવાનું કે જે ઉપરોકત જણાવેલ દરેક વિગતો સાચી છે મને થતી સહાય કરવા વિનંતી.

અરજદારની સહી .......................

સાક્ષીનું નામ : ..........................................................................................

સ્થળ : ...................................... સાક્ષીની સહી : ..........................................

## ભલામણપત્ર

શ્રી/શ્રીમતી..................................................................ની અરજીમાં લખેલ વિગત તપાસીને ખાત્રી કરી છે અને એની વિગતો સાચી છે. એમને મદદ કરવા ભલામણ કરું છું.

સહી : ............................

હોદ્દો : પ્રમુખ/મંત્રી/ખજાનચી

એકમ : ............................

(એકમનો રબર સ્ટેમ્પ)

**અરજી મોકલવાનું સરનામું :- શ્રી પંચોલી સેવા સમાજ, મુંબઈ**

C/O પ્રેમી મોહન એજન્સી, ગાલા નં. ૧૨૪, સાગર ઈન્ડ. એસ્ટેટ, ટોલ નાકા પાસે, વેસ્ટર્ન એક્ષપ્રેસ હાઈવે, દહીસર (ઈસ્ટ) મુંબઈ - ૪૦૦ ૦૬૮

**નોંધ :** ❖ આ અરજીની વધારે કોપી ન હોય તો ઝેરોક્ષ સ્વીકારવામાં આવશે. ઉપરોકત માહિતીમાં વિધવા બહેનો હોય તેમણે આગળ ગં.સ્વ. લખવું. ❖ **સરનામું વ્યવસ્થિત** અને **પીનકોડ નંબર** સાથે લખવું જરૂરી છે. અધુરું સરનામુ અને પીનકોડ નંબર લખ્યો ન હશે તો એવી અરજી પર ધ્યાન આપવામાં આવશે નહીં. ❖ અરજદાર જે એકમના હશે તેમણે તે એકમના પ્રમુખ/મંત્રી/ખજાનચીની સહી અને એકમનો રબર સ્ટેમ્પ મરાવવો ફરજીયાત રહેશે. ❖ એકમના હોદ્દેદારોને ખાસ વિનંતી કે તેમણે તેમના અરજદારોની અરજીની ઝેરોક્ષ કોપી કાઢીને પોતાની પાસે રાખવી. કારણ કે કદાચ ટ્રસ્ટીઓને અરજી માટે શંકા જાગે તો તેઓ આપશ્રીને અરજદાર માટે પૂછી શકે છે. ❖ **ઉપરોકત અરજી 30 જુન પહેલા મળી જાય એ રીતે મોકલવી** ❖ આ ટ્રસ્ટની મદદ ફકત શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ અને તેમના એકમના સભ્યો પૂરતી જ મર્યાદિત છે.

પંચોલી નવયુગ શુભચિંતક શ્રી કિશનલાલ મગનલાલ પંચોલી જબુગામ શ્રી વિઠ્ઠલદાસ મોહનલાલ પંચોલી જબુગામ

# ચાલ જીવી લઈએ....

મૃદુતા પ્રતિક મિસ્ત્રી પંચોલી
સુરત



હમણાં જ એક ગુજરાતી ફિલ્મ આવી 'ચાલ જીવી લઈએ' ગુજરાતી ફિલ્મ ઈન્ડસ્ટ્રીની આજ સુધીની બ્લેક બ્લાસ્ટર ફિલ્મ સાબિત થઈ. થાય જ ને એમાં કોઈ નવાઈ નથી. મનુષ્ય નો સ્વભાવ જ એને એ દરેક વસ્તુ પસંદ આવે જ છે જે એને એ સત્ય બતાવે છે. જે એ પોતે જોઈ નથી શકતો. દરેક માણસોએ જોવા જેવી ફિલ્મ છે. જીંદગી જીવવાની રીત બદલાઈ જશે..તમારી.

આ એક બાપ દિકરાની વાર્તા છે. બાપ રીટાયર્ડ છે અને દિકરો 'ગુજરાતનો બિલગેટસ' છે. ભૂગોળમાં જેટલા દેશ ભણ્યો છે એ બધા દેશમાં એની કંપનીની એક શાખા હોય એવી એની મહેચ્છા છે. એને સમય જ નથી, પોતાના માટે, પોતાના પપ્પા માટે, સવારથી ઉઠે ત્યારથી રાત્રે સુએ ત્યાં સુધી (જો કોઈ વાર રાત્રે સૂએ તો) તે બસ કામ જ કરે છે. એના સપનાઓ ખૂબ મોટા છે. પરંતુ એ સપનાઓને પુરા કરવા સુવુ પડે છે એવું એના પપ્પા સમજાવે છે. અચાનક એની જીંદગીમાં એક એવો મોડ આવે છે અને એની જીદગી પુરી થવા પર આવી જાય છે. એણે આ વર્ષોમાં જે ગુમાવ્યુ છે એ એના પપ્પા એને પાછુ આપવાનો નિર્ણય કરે છે. એના પપ્પા એને ફરવા લઈ જાય છે હિલ સ્ટેશન પર. ત્યાં એ ધીરે ધીરે જીંદગી માણતા શીખે છે. જીવતા શીખે છે પરંતુ અફસોસ એની પાસે એ જીંદગી બચતી નથી જેને એ માણતા કે જીવતા હજુ હમણાં હમણાં જ શીખ્યો છે.

આપણાં માના ઘણાનું પણ આવું જ છે ને ? કેટલા લોકો જીંદગી જીવે છે ? અને કેટલા લોકો ખાલી વિતાવે છે ? એક જીંદગી મળી છે ખબર નહીં કેટલી લાંબી છે, પાછી મળશે કે નહીં ? તો જે મળી છે એને જ જીવી લઈએ તો ? માણી લઈએ તો ?

તમારા માંના ઘણાં કહેશે આ બધુ લખવું સહેલું છે. એમ કંઈ જલસા થતા હશે ? કેટકેટલી જવાબદારીઓ હોય છે. એટલું સરળ છે જીંદગી માણવાનું ? વાત સાચી છે જવાબદારીઓ તો છે જ અને પૂરી પણ કરવાની છે પણ એની સાથે સાથે જીંદગીને માણવી શક્ય છે. પરંતુ તમે તમારી ખુશી શેમાં શોધો છો એ મહત્વનું છે..જીંદગીની નાની ખુશીઓ પણ તમને જીવવા માટેના કારણો આપી દે છે. બસ પોતે પોતાની રીતે ખુશ રહેતા શીખો. જીવનની નાની નાની પળોમાં ખુશી શોધતા શીખો.

ઇ-કલાસ મર્સિડીશમાં બેસીને કલબમાં કે બારમાં જઈને પાર્ટીઓ કરીને જ જીંદગીની મજા માણી શકાય એવું થોડું છે. સન્ડે બપોર પછીનો સમય ફેમીલી મેમ્બર્સ સાથેની ગાર્ડનમાં ઉજવાતી ડબ્બા પાર્ટી કદાચ કોઈ પણ કલબ કરતા વધુ આનંદદાયી છે. પોતાનાઓ સાથે વિતાવેલી એ પળો તમને એ યાદો આપી શકશે. જેને ફરીથી યાદ કરશો તો તમને જીંદગી પ્રત્યે કોઈ ફરીયાદ નહી રહે.

ઘણાં લોકોને મે જોયા છે અઢળક પૈસા હોવા છતા હોલીડે પર નથી જતાં. કારણ શું ? કામ બહુ છે. ૪૦ વર્ષ સુધી મહેનત કરીને પૈસા ભેગા કરીશું પછી ફરવાનુ જ છે ને. જલસા જ કરવા છે. ત્યારે 'જીંદગી ના મિલેગી દોબારા' મુવીનો ડાયલોગ યાદ આવે છે..'તુમ્હે કૈસે પતા હે કી તુમ ૪૦ સાલ તક જીંદા રહોગે..'

કામમાં કયાં સમય જતો રહેશે ખબર નહી પડે, તમારું નાનુ બાળક ટાઈમ વિના મોટું થઈ જશે. એનું બાળપણ કયારેય પાછું ન આવે. એની સાથે અડધો કલાક ગાર્ડનમાં વિતાવી જુઓ, એના ચહેરા પરનું સ્મિત મરતા સુધી નહીં ભુલશો. ઘરમાં જે ઘરડા મા-બાપ છે એના માટે દિવસમાં પાંચ મિનિટનો સમય નથી તમારી પાસે. કયારેક એમની પાસે બેસી એક કપ ચા પીવો, જો એ આંખમાં જોવા મળતો સ્નેહ, એ સ્પર્શમાં અનુભવાતો પ્રેમ એમના ગયા પછી દિવાલ પર લટકતા ફોટામાં કયારેય જોવા નહી મળે. આખી જીંદગી તમારા માટે જીવવા આવેલી તમારી પત્ની યા તો તમારો પતિ એની પાસે બેસી બે પ્રેમના શબ્દો બોલી તો જુઓ એમને થોડો ટાઈમ આપો. કયાંક એવું ના થાય કે છેલ્લે જયારે તમે બે જ બચશો એકબીજા માટે ત્યારે યાદ કરવા માટે તમારી પાસે ફરિયાદો સિવાય કશું જ ના હોય.

સમય ખૂબ જ કિંમતી છે પરંતુ એ સમય માંથી પોતાના માટે અને પોતાનાઓ માટે સમય કાઢવો પણ એટલું જ જરૂરી છે. જીંદગી ખૂબ નાની છે. મનમાં ભરીને જીવવા

માટે, મનમાં ભરીને નહીં મન ભરીને જીવતા શીખો માફ કરતા શીખો, ભૂલી જાઓ લોકોએ શું ખરાબ કર્યુ તમારી જોડે, હશે હવે એ ભુલીને આગળ વધો.. બીજાના દોષ જોવાને બદલ. પોતે ક્યાં બદલાઇ શકો છો તે જુઓ, બીજામાં ખોટ કાઢવાને બદલે પોતે પોતામાં જે ખોટ છે તે પૂરો. આ બે આંખ બંધ થઇ જશે પછી કાંઇ જ નથી જીંદગીમાં.

એક વખતે એક બહેનને તેના પતિએ એક સાડી લાવી આપી. ઘણા સમયથી સાડી માટે વાત કરી હતી એ એમના પતિ યાદ રાખીને લઇ આવ્યા અને કહ્યું પહેરી બતાવ તો, કેવી લાગે છે ? તો પેલા બહેને કહ્યું આવતા અઠવાડિએ લગ્નમાં જવાનું છે ત્યારે પહેરીશ. લગ્નમાં જતી વખતે બીજી સાડી પહેરેલી જોઇને પેલા ભાઇએ પૂછ્યું અરે પેલી સાડી ના પહેરી ? બહેને કહ્યું આવતા મહિને મારી બહેનની દીકરીની સગાઇ છે ત્યારે પહેરીશ તો નવી લાગશે. સગાઇમાં પણ એ સાડી ના પહેરી ફરી પાછુ પેલા ભાઇએ પૂછ્યું આજે પણ ના પહેરી ? બહેને ફરી કહ્યું આવતા મહિને ભાઇના છોકરાના લગ્નમાં પહેરીશ. એમ કરતાં કરતા છ માસ નીકળી ગયા. એક રાતે ભાઇ સુતા અને સવારે ઉઠયા જ નહીં. ઉંઘમાં એટેક આવી ગયો હતો એમને.. શું મતલબ હવે એ સાડીનો ? જે માણસ તમારે માટે પ્રેમથી લાવ્યો હતો એ તો તમને એ સાડીમાં જોયા વગર જ જતો રહ્યો. એકવાર પહેરી દીધી હોત તો ? લગ્નમાં પાછી પહેરતે તો શું થઇ જાત ?

આ જીંદગીનો કોઇ ભરોષો નથી દોસ્તો.. માણસ સવારે ઘરેથી નીકળે તો સાંજે પાછો ઘરે આવશે કે નહી તે ખબર નથી. રાત્રે સુએ તો સવારે ઉઠશે કે નહી તે નક્કી નથી. જીંદગીના દરેક દિવસને એવી રીતે જીવો કે આજે જ તમારો છેલ્લો દિવસ છે.. સવારે આંખ ન પણ ખુલે તો જીંદગીથી કોઇ ફરિયાદ ના રહી જવી જોઇએ કે આ બાકી રહી ગયું.


જીંદગી ભૂતકાળને જોઇ અફસોસ કરવા માટે નથી, પરંતુ ભવિષ્યને જોઇ એની તરફ પ્રયાણ કરવા માટે છે...

" Life is not about backward regression

its all about forward progression "

એ પહેલા કે આ બે આંખ બંધ થઇ જાય 'ચાલ દોસ્ત! જીવી લઇએ'

## પ્રથમ પુણ્યતિથિએ
## હાર્દિક શ્રદ્ધાંજલી



**સ્વ. હરિવદનભાઇ શાંતિલાલ પંચોલી**
**જ.તા. ૨૦.૮.૧૯૬૦ સ્વ.તા. ૨૫.૫.૨૦૧૮**
**પ્રભુ આપના આત્માને ચિરઃશાંતિ અર્પે**
**એજ પ્રાર્થના**

**અર્પણકર્તા**

મમતાબેન હરિવદનભાઇ પંચોલી
૫/૫૯૫, પંચોલી શેરી હરિપુરા, સુરત જી ૩૯૫૦૦૩
મો. ૯૨૨૮૦ ૪૦૦૧૮
શ્રી વિશાલ હરિશભાઇ પંચોલી-સોનગઢ
શ્રીમતિ વૈભવી વિશાલ પંચોલી-સોનગઢ
શ્રી નયન હરિશભાઇ પંચોલી-U.S.A.
શ્રીમતિ દિવ્યા નયન પંચોલી -U.S.A.

## શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ એકાઉન્ટ નંબર

આપનું દાન 'શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ'ના
નામે સુરત શાખાની બેંક ઑફ બરોડાનાં
સેવિંગ્સ ખાતા નં. 02690100010065
IFC Code BARBO CITYLT
માં જમા કરાવો અને કાઉન્ટર મોકલી અમોને જાણ કરો...
પ્રમુખશ્રી -હેમંતભાઇ સી. મિસ્ત્રી-સુરત

## પંચોલી નવયુગ એકાઉન્ટ નંબર

આપનું દાન કે જાહેરાતના પૈસા **'શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ A/C પંચોલી નવયુગ** ના નામે દેનાબેંક અંકલેશ્વર-ગોયાબજારની શાખામાં ખાતા નંબર
SB 014710003655
IFSC code : BKDN0210147
માં જમા કરાવો અને
**કાઉન્ટર મોકલી અમોને જાણ કરો...**
તંત્રી-દિનેશભાઇ એમ. મિસ્ત્રી-અંકલેશ્વર

## શ્રી પંચોલી સેવા સમાજ મુંબઈ
# શ્રી રામનવમી મહોત્સવ એવમ્ નવચંડી યજ્ઞોત્સવ–૨૦૧૮–૧૯

શ્રી પંચોલી સેવા સમાજ મુંબઇ અને તેની સંલગ્ન સંસ્થા શ્રી પંચોલી ભગીની સમાજ તથા યુવા મંચ આવિષ્કાર ગ્રુપના સથવારે 'શ્રી રામનવમી મહોત્સવ એવમ્ નવચંડી યજ્ઞોત્સવ-૨૦૧૯-૨૦ નો કાર્યક્રમ તા. ૧૩.૦૪.૨૦૧૯નાં રોજ સૂર્યનારાયણ વાડી મુંબઇ ખાતે યથા યોગ્ય આયોજન ઘડવામાં આવ્યું હતું.

આજરોજ શ્રીમાન જયંતિલાલ ચંદુલાલ મિસ્ત્રી-નવસારી અધ્યક્ષ તથા શ્રીમતિ ઉષાબેન જયંતિલાલ મિસ્ત્રી નવસારીએ અધ્યક્ષ-અધ્યક્ષાનું સ્થાન સ્વીકારી સમગ્ર શ્રી પંચોલી સેવા સમાજ મુંબઇનું ગર્વ વધાર્યુ છે.

આજના શુભ દિને હવન સ્કીમ નં.૯માં નીચે દર્શાવેલ યજમાનોને નવચંડી યજ્ઞોત્સવમાં યજ્ઞનો લ્હાવો મળ્યો હતો.✳ શ્રીમતિ સોનલ અને શ્રી શૈલેષ ધીરજલાલ પંચોલી-મુંબઇ ✳ શ્રીમતિ બિનિતા અને શ્રી બ્રિજલ નરેશભાઇ મિસ્ત્રી-ગોરેગાંવ ✳ શ્રીમતિ તરલીકા અને શ્રી જીતેન્દ્ર બળવંતરાય મિસ્ત્રી-નવસારી ✳ શ્રીમતિ પ્રજ્ઞા અને શ્રી મુકેશ બળવંતરાય મિસ્ત્રી-કાંદીવલી ✳ શ્રીમતિ પ્રતિમા અને શ્રી જીતેન્દ્ર ઉત્તમરામ મિસ્ત્રી-બોરીવલી.

રામનવમી મહોત્સવ એવમ્ નવચંડી મહોત્સવના આ પવિત્ર પ્રસંગે સર્વે હવનનાં યજમાનો તથા ઉપસ્થિત સર્વે સભ્યોનું સ્વાગત કરી કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી. સવારના કાર્યક્રમમાં હાજર રહેલ સૌ સભ્યોએ ફરાળી પેટીસ તથા ચ્હા-કોફીના અલ્પાહારનો આનંદ માણ્યો હતો. યુવા મંચના પ્રવકતા શ્રીમતિ ફોરમ દેવાંગ ગાંધી સાથે શ્રી પંચોલી સેવા સમાજ મુંબઇના પ્રવકતા શ્રી વિશાલ કમલ કાપડિયા દ્વારા આજરોજના અધ્યક્ષા શ્રીમતિ ઉષાબેન જયંતિલાલ મિસ્ત્રી, શ્રી પંચોલી ભગીની સમાજના પ્રમુખ શ્રીમતિ અનુરાધા ચેતન કાપડિયા ને મંચ પર આમંત્રિત કરાયા. સાથે શ્રી પંચોલી ભગીની સમાજના મંત્રી શ્રીમતિ ઇલાબેન રજનીકાંત પંચોલી ઉપસ્થિત રહ્યા. આજરોજ અધ્યાત્મિક જગતના સફળ પ્રવકતા કે જેઓએ દેશ-વિદેશમાં જઇ ઘણાં આધ્યાત્મિક તેમજ ધાર્મિક અને સમાજિક પ્રવચન કરનાર બેનશ્રી 'વિજુબેન રાજાણી' આમંત્રિત કરાયા હતાં. અધ્યક્ષા શ્રીમતિ ઉષાબેન દ્વારા આર્શિવચનો અપાયા તેમજ શ્રી પંચોલી ભગીની સમાજ મુંબઇને વિવિધ કાર્ય કરવા પ્રોત્સાહિત કર્યા હતા. અધ્યક્ષા શ્રીમતિ ઉષાબેન જયંતિલાલ મિસ્ત્રી તરફથી અધ્યક્ષા સ્થાનેથી રૂા. ૧,૧૧૧/- શ્રી પંચોલી ભગીની સમાજ મુંબઇને ભેટ મળી હતી. 'બેનશ્રી વિજુબેન રાજાણી' દ્વારા કરાયેલ સુંદર પ્રવચન તથા ધાર્મિક ઉદાહરણો દ્વારા સોના મન જીતી લીધા હતા. એમના આ અભિયાનની સૌએ ખૂબ પ્રસંશા કરી Standing Ovation થકી તેમનું સન્માન કરવામાં આવ્યું.

યુવા મંચ આવિષ્કાર ગ્રુપ દ્વારા ગેમ શોનું આયોજન કરવામાં આવ્યું. આ ગેમ શો બોલિવુડ બિંગોના નામે દર્શાવવામાં આવી. જેમાં હોસ્ટ તરીકે શ્રીમતિ ડિમ્પલ હિરલભાઇ મિસ્ત્રી તથા શ્રીમતિ ફોરમ દેવાંગ ગાંધીએ સુંદર રજુઆત કરી તમામ ખેલાડીઓને પ્રસન્ન કર્યા હતાં..આ ગેમમાં ૭૦ ખેલાડીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

બપોરે ૧.૩૦ કલાકે ૧૨૫ સભ્યોએ ફરાળી વાનગી જેવી કે રાજગરાની પુરી, કંદ-સૂરણ-બટેટાનું શાક, ગાજર હલવો, કઢી અને સમાનો ભાત તથા છાસ નો આનંદ માણ્યો હતો.

૨.૩૦ કલાકે શ્રી પંચોલી ભગીની સમાજ-મુંબઇની વાર્ષિક સામાન્ય સભાની શરૂઆત કરવામાં આવ્યા અને ૩.૦૦ કલાકે યુવા મંચ આવિષ્કાર ગ્રુપની વાર્ષિક સામાન્ય સભા કરવામાં આવી. ૩.૪૫ કલાકે નવચંડી યજ્ઞની પૂર્ણાહૂતિ કરી માતાજીની આરતી તેમજ સ્તુતિ કરી પ્રસાદ ગ્રહણ કરવામાં આવ્યો.

શ્રી પંચોલી સેવા સમાજ મુંબઇ વર્ષ ૭૪ની વાર્ષિક સામાન્ય સભા ૨૦૧૮-૧૯ની કાર્યવાહી મંત્રીશ્રી પરાગ નવિનચંદ્ર મિસ્ત્રી દ્વારા ૪.૪૫ કલાકે ૧૯૦ સભ્યોની હાજરીમા કરવામાં આવી. પ્રથમ પ્રમુખ શ્રી રાહુલભાઇ જીતેન્દ્રભાઇ મિસ્ત્રી, અધ્યક્ષ શ્રી જયંતિલાલ ચંદુલાલ મિસ્ત્રી-નવસારી, અધ્યક્ષા શ્રીમતિ ઉષાબેન જયંતિલાલ મિસ્ત્રી, ઉપપ્રમુખ વિશાલ કમલ કાપડિયા, ઉપપ્રમુખ શ્રીમતિ ડિમ્પલ હિરલ મિસ્ત્રી, પંચોલી ભગીની સમાજના પ્રમુખ શ્રીમતિ અનુરાધા ચેતન કાપડિયા, યુવા મંચ આવિષ્કાર ગ્રુપ મુંબઇના પ્રમુખ શ્રી હર્ષ ભાવિક કાપડિયા, ખજાનચી કુંતલ પ્રફુલ પંચોલી અને ઓડિટર શ્રી કિરણભાઇ મણીલાલ પંચોલી. આ સર્વે હોદ્દેદારોને મંચ પર આમંત્રિત કરાયા અને તેઓનું સ્થાન ગ્રહણ કરવા વિનંતી કરવામાં આવી.

સૌ પ્રથમ વર્ષ ૨૦૧૮-૨૦૧૯ દરમ્યાન દિવંગત થયેલ સભ્યો (૧) સ્વ. અશ્વિનભાઇ હરીશભાઇ પંચોલી-મુંબઇ (સુરત) ઉ.વ. ૬૦, (૨) સ્વ. શ્રી ચંદ્રવદનભાઇ હરગોવિંદદાસ મિસ્ત્રી-લેમિંગ્ટન રોડ ઉ.વ. ૮૩, (૩) ગં.સ્વ. કાંતાબેન ગણપતરામ મિસ્ત્રી-વિરાર ઉ.વ.૮૮ (૪) ગં.સ્વ. ગજરાબેન મોહનલાલ મિસ્ત્રી-નાલાસોપારા ઉ.વ. ૮૫ (૫) ગં.સ્વ. પુષ્પાબેન જયંતિલાલ મિસ્ત્રી કેમ્પસ કોર્નર ઉ.વ. ૮૫ (૬) સ્વ. પ્રવિણચંદ્ર જગજીવનદાસ જરીવાલા-કાંદીવલી ઉ.વ. ૬૮ (૭) ગં.સ્વ. ચંદ્રિકાબેન ચંદ્રવદનભાઇ મિસ્ત્રી લેમિંગટન રોડ .ઉ.વ. ૭૬ (૮) ગં.સ્વ. કલાબેન દિલીપભાઇ પંચોલી-વિરાર ઉ.વ. ૬૧

ઉપરોકત સ્વર્ગવાસ થયેલ તમામ સભ્યોને હાજર રહેલ સભ્યોએ સ્થાન પર ઉભા થઇ બે મિનિટ મૌન જાળવી શ્રધ્ધાંજલી અર્પણ કરવામાં આવી. વર્ષ દરમ્યાન શહીદ થયેલ ભારત દેશના વીર જવાનોને પણ શ્રધ્ધાંજલી સહ રાષ્ટ્રગીત જન, ગન, મનનું ગાન કરાયું.

શ્રી પંચોલી સેવા સમાજના સહમંત્રી શ્રીમતિ ફોરમ દેવાંગ ગાંધી દ્વારા અધ્યક્ષ અને અધ્યક્ષા સ્થાને બિરાજમાન શ્રીમતિ જયંતિલાલ ચંદુલાલ મિસ્ત્રી તા શ્રીમતિ ઉષાબેન જયંતિલાલ મિસ્ત્રી-નવસારીના સ્વાગત કરાયા અને તેઓનો પરિચય આપવામાં આવ્યો. શ્રી પંચોલી સેવા સમાજ મુંબઇના પ્રમુખ શ્રી રાહુલભાઇ મિસ્ત્રી એ અધ્યક્ષશ્રીને પુષ્પગુચ્છ આપી સ્વાગત કર્યુ. સામાન્ય સભામાં હાજર રહેલ સભ્યોનું સ્વાગત કરી આર્શિવચનો આપ્યા. મંચ પર બિરાજેલ તમામને પુષ્પ ગુચ્છ આપી સ્વાગત કરવામાં આવ્યું. આજના અધ્યક્ષ શ્રી જયંતિલાલ મિસ્ત્રીએ સર્વે સભ્યોને અભિનંદન આપી લાગણી વ્યકત કરી. તેમણે આ શુભ પ્રસંગે રૂા. ૨,૧૦૦/- શ્રી પંચોલી સેવા સમાજને ભેટ આપી હતી..

એજન્ડા :- ૧ ગત વાર્ષિક સામાન્ય સભા વર્ષ ૨૦૧૭-૧૮ની મિનિટસનું વાંચન અને મંજુરી જેની રજુઆત ઉપપ્રમુખ શ્રીમતિ ડિમ્પલ હિરલ મિસ્ત્રી દ્વારા કરવામાં આવી અને જેને સર્વાનુમતે પાસ જાહેર કરવામાં આવી.

એજન્ડા : ૨ શ્રી પંચોલી સેવા સમાજ મુંબઇ અને તેની સંલગ્ન સંસ્થાઓ, લીલાવતી છગનલાલ મેમોરીયલ ટ્રસ્ટ, શ્રી પંચોલી ભગીની સમાજ મુંબઇ અને યુવા મંચ આવિષ્કાર ગ્રુપ મુંબઇના વર્ષ ૨૦૧૮-૧૯ ના આવક જાવકના હિસાબ તથા સરવૈયાની રજુઆત ખજાનચી શ્રી કુંતલ પ્રફુલભાઇ પંચોલી દ્વારા રજુ કરવામાં આવી. જેને લાગતા વળગતા પ્રશ્નોત્તર બાદ મંજૂરી આપવામાં આવી.

શ્રી કિરણભાઇ મણીલાલ પંચોલી-શાંતાક્રુઝ દ્વારા તેમના માતુશ્રી અને પિતાશ્રીના સ્મરણાર્થે અપાયેલ માતબર દાન રૂા. ૧,૧૧,૧૧૧/-ના ફકત વ્યાજમાંથી ૨૦ ટકા જેટલી રકમનો ઉપયોગ જે તે વખતના કારોબારી સભ્યોને ભેટ તરીકે આપવા જેમાં પ્રમુખ શ્રી રાહુલભાઇએ શ્રી પંચોલી સેવા સમાજ મુંબઇના વર્ષ ૨૦૧૮-૧૯ના તમામ કાર્યકર્તાઓનો આભાર વ્યકત કરી અભિનંદન આપ્યા અને સર્વે કાર્યકર્તાઓને ભેટ આપવામાં આવી.

વર્ષ ૨૦૧૯-૨૦ દરમ્યાન મુંબઇ સ્થિત લગ્ન થયેલ કન્યાઓને શ્રી પંચોલી સેવા સમાજ મુંબઇ તેમજ બીજા અન્ય દાતાઓ તરફથી મળેલ ફકત વ્યાજ વપરાશની રકમ તથા બીજા અન્ય દાતાઓ દ્વારા દરેક કન્યાઓને કન્યાદાન આપવામાં આવ્યુ હતું. નીચે દર્શાવેલ કન્યાઓને કન્યાદાનનો લ્હાવો મળ્યો હતો.

✳ કુમારી યેશા સજય જયંતિલાલ મિસ્ત્રી-મીરારોડ રૂા. ૬૮૭૫/- ✳ કુમારી ખુશ્બુ દેવેન્દ્ર ચીમનલાલ પંચોલી-ભીલાડ રૂા. ૭૩૭૫/- ✳ કુમારી નિલમ જીતેન્દ્ર ઉત્તમરામ મિસ્ત્રી-બોરીવલી રૂા. ૭૩૭૫/- ✳ કુમારી કાજોલ યોગેશ શાંતિલાલ પંચોલી-વિરાર રૂા. ૬૮૭૫ આમ દરેક કન્યાઓને કન્યાદાન રૂપે રૂા. ૨૮,૫૦૦/- અર્પણ કરવામાં આવ્યા હતાં.

એજન્ડા નં. ૩ વર્ષ ૨૦૧૯-૨૦ ૭૫મું 'અમૃત મહોત્સવ' માટેની રજુઆત, ચર્ચા, વિચારણા અને મંજુરી, જેની રજુઆત શ્રી જયદીપ ઝવેરી દ્વારા કરવામાં આવી. જેઓએ જણાવ્યું કે શ્રી પંચોલી સેવા સમાજ મુંબઇ માટે આગામી વર્ષ ૭૫મું વર્ષ એટલે કે અમૃત વર્ષ રહેશે. અમૃત વર્ષ દરમ્યાન યોજનાર કાર્યક્રમની વિવિધ રૂપરેખા નીચે મુજબ દર્શાવવામાં આવી.

✳ મે-૨૦૧૯ શ્રી પંચોલી ભગીની સમાજ મુંબઇ દ્વારા એક અમૃત ફન એન્ડ ફેર અને એક અમૃત પીકનિકનું આયોજન.

✳ તા. ૨ જૂન ૨૦૧૯ તથા ૪ ઓગસ્ટ ૨૦૧૯ બન્ને રવિવારના રોજ મીરારોડ કલા મેડિકલ દુકાન ખાતે અમૃત નોટબુક તેમજ રોકડ વિતરણનો અમૃત કાર્યક્રમ.

✳ જુલાઇ-૨૦૧૯ દરમ્યાન યુવા મંચ આવિષ્કાર ગ્રુપ મુંબઇ દ્વારા અનોખી અમૃત ઓવર નાઇટ પીકનિક.

✳ સપ્ટેમ્બર-૨૦૧૯ માસ દરમ્યાન શ્રી પંચોલી સેવા

પંચોલી નવયુગ શુભચિંતક  શ્રી હરકીશનદાસ ઝીણાભાઇ પંચોલી  વ્યારા  શીલા ડાઇનીંગ સર્વિસ  વ્યારા

સમાજ મુંબઇ અને તેની સંલગ્ન સંસ્થાઓ થકી મુંબઇ સ્થિત વિવિધ વૃધ્ધાશ્રમ, અંધ્ધાશ્રમ, અનાથાશ્રમની અમૃત મુલાકાતનો અમૃત પ્રયાસ.

✳ ૬ ઓકટોબર-૨૦૧૯ ના રોજ શ્રી પંચોલી ભગીની સમાજ મુંબઇ દ્વારા અમૃત રાસ-ગરબા સાથે ફેન્સી ડ્રેસ કોમ્પીટીશનનો અમૃત કાર્યક્રમ.

✳ ડિસેમ્બર ૨૦૧૯ અમૃત દિપોત્સવી રસોત્સવનું ભવ્ય આયોજન

✳ જાન્યુઆરી ૨૦૨૦ અથવા ફેબ્રુઆરી ૨૦૨૦ દરમ્યાન શ્રી પંચોલી સેવા સમાજ મુંબઇ અને તેની સંલગ્ન સંસ્થા દ્વારા અવિસ્મરણય અમૃત રમતગમતોત્સવનું આયોજન.

✳ ૧૦ માર્ચ ૨૦૨૦ ના રોજ યુવા મંચ આવિષ્કાર ગ્રપ દ્વારા ધુળેટીનું અમૃત રંગારંગ આયોજન.

✳ ૦૨ એપ્રિલ-૨૦૨૦ ના રોજ ૭૫મું અમૃત વર્ષનું અમૂલ્ય તેમજ યાદગીરી રૂપે અમૃત સુવેનિયરનું વિમોચન.

✳ ૦૨ એપ્રિલ ૨૦૨૦ના રોજ ૧૧ અથવા ૨૫ યજમાન થકી અમૃત નવચડી યજ્ઞોત્સવ તેમજ રામનવમીનો અમૃત .ઉત્સવ અને પૂર્ણાહૂતિ.

ઉપપ્રમુખ વિશાલ કાપડિયા દ્વારા અમૃત મહોત્સવના વિવિધ કાર્યક્રમની વિસ્તારમાં માહિતી અપાઇ તેમજ અમૃત મહોત્સવ દરમ્યાન ઉજવનારા દરેક કાર્યક્રમનાં અંદાજીત ખર્ચ વિશે સર્વેને જાણકારી આપવામાં આવી. પ્રમુખ શ્રી રાહુલ મિસ્ત્રીએ સર્વે સભ્યોને નિવેદન કર્યુ કે ‘અમૃત મહોત્સવ’ સર્વે જ્ઞાતિજનોનો હોવાથી સહુએ એક થઇ સમાજની ઉન્નતી અને પ્રગતિ માટે એક જૂથ થઇ શ્રી પંચોલી સેવા સમાજ મુંબઇ ને તન-મન અને ધનથી સહાયરૂપ થવું. મંત્રીશ્રી પરાગ મિસ્ત્રી દ્વારા શ્રી પંચોલી સેવા સમાજ મુંબઇના ભંડોળને અમૃત મહોત્સવ દરમ્યાન રૂા. ૧ કરોડ અથવા રૂા. ૧.૨૫ કરોડ સુધી લઇ જવાની અભિલાષા દર્શાવાય હતી. અને સભામાં હાજર રહેલ સભ્યોને મંચ ઉપર આવી તેઓના દ્રષ્ટિકોણ તેમજ અમૃત મહોત્સવના ભંડોળમાં ઉમેરો કરાવવા નિવેદન કરવામાં આવ્યું. જેમાં સૌ પ્રથમ નવિનચંદ્ર લલ્લુભાઇ મિસ્ત્રી દ્વારા તેઓના સલાહ સુચન અને માર્ગદર્શન બાદ તેઓએ તેમનો પ્રથમ ફાળો નોંધાવ્યો હતો. ત્યારબાદ શ્રી પંચોલી સેવા સમાજ મુંબઇના અગ્રગણ્ય એવમ ખૂબ જ પ્રભાવિત માજી પ્રમુખ ડો. ભૂપેન્દ્રભાઇ ચુનીલાલ પંચોલીએ તેમના સૂચન તથા અમૂલ્ય નિવેદન થકી તેઓએ તેમનો ફાળો અમૃત મહોત્સવ પ્રસંગે નોધાવ્યો. ડો. ભૂપેનદ્રભાઇ પંચોલી દ્વારા સમાજ પ્રત્યે પ્રેમ, ભાવના અને લાગણી દર્શાવી શ્રી પંચોલી સેવા સમાજ મુંબઇના ભંડોળમાં વધારો કરવાના નિઃસ્વાર્થ નિવેદન દર્શાવી જેઓએ શ્રી પંચોલી સેવા સમાજ મુંબઇના અમૃત મહોત્સવ માટે સમાજના વિવિધ દાતાઓને વ્યકિતગત રૂપે નિવેદન કરી લગભગ રૂા. ૬ લાખ જેટલા ભંડોળ જોગવાય કરાવી આપીને સમગ્ર પંચોલી સેવા સમાજનું ગર્વ વધાર્યુ હતું. સાથે આજરોજની સભામાં ઉપસ્થિત સર્વે સભ્યોએ ડો. ભૂપેનદ્રભાઇ પંચોલીના કાર્યને સરાહના કરી Standing Ovation આપી સન્માન કરાયુ. મંત્રીશ્રી પરાગભાઇ મિસ્ત્રીએ ડો. ભૂપેન્દ્રભાઇ પંચોલીનો આભાર વ્યકત કર્યો હતો.

એજન્ડા ૪ : પ્રમુખશ્રીની મંજુરીથી સભામાં રજૂ થાય તે જેમાં મંત્રીશ્રી દ્વારા વિધવા સહાય માટેની રકમ જે શ્રી પંચોલી સેવા સમાજ મુંબઇ તરફથી રૂા. ૨,૪૦૦/- તેમજ એક સદ્‌ગ્રહસ્થ તરફથી રૂા. ૭૫૦/- તેમજ કૌશલભાઇ પ્રમોદભાઇ મિસ્ત્રી ગોરેગાવ તરફથી રૂા. ૧,૦૦૦/- આ વર્ષે મળેલ તમામ ૧૧ વિધવા સહાય અરજીને કુલ્લે રૂા. ૪,૧૫૦/- દરેક ૧૧ વિધવાઓની અરજીઓને આપવામાં આવ્યા. જેની નોંધ સભામાં દર્શાવવામાં આવી.

